રજીસ્ટ્રેશન નં.
2916/76

# ખેડૂત વાણી

મે 2020 | પત્રિકા 6
તંત્રી: આનંદ યાજ્ઞિક



ખેડૂત સમાજ ગુજરાત

DESIGNED BY: STIMULUS CO

# ગામનું ધાન ગામમાં:
## કોરોના મહામારીમાં રાહત માટે સ્વદેશીનો પ્રયોગ

**પ્રો. હેમન્તકુમાર શાહ અને નફિસા બારોટ**




**લોકડાઉનના સમયમાં ભાવનગર, દાહોદ, પંચમહાલ, અને મહીસાગર જિલ્લાના લગભગ 2,5૦૦ પરિવારોને આવશ્યક ચીજોની અને અનાજની રાહત પહોંચડવાનું કામ સંસ્થા કરી રહી છે.**

કોરોના મહામારીએ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબો માટે ભારે કપરી સ્થિતિ ઊભી કરી દીધી છે. તેવા સમયે ગ્રામીણ ગરીબોને તત્કાલ રાહતની જરૂર છે કારણ કે તેમની રોજેરોજની આવક લગભગ બંધ થઈ ગઈ છે. લોકડાઉનના સમયે 'ઉત્થાન' દ્વારા આ ગ્રામીણ ગરીબોને રાહત પહોંચાડવાનું કામ ગુજરાતના જુદા જુદા ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવી રહ્યું છે. 'ઉત્થાન' સંસ્થા છેલ્લાં 40 વર્ષથી અમરેલી, ભાવનગર, દાહોદ, પંચમહાલ, મહીસાગર જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોના અતિવંચિત સમુદાયો સાથે રહી એમને  ટકાઉ વિકાસ અને મહિલા સશક્તિકરણની પ્રક્રિયાઓ દ્વારા સંગઠિત કરી સ્થાનિક સ્તરેના મુદ્દાઓને માટે પ્રયાસ કરી રહી છે. આ કામગીરી થકી 412 ગામોના 14 લાખ લોકોના સામાજિક અને આર્થિક વિકાસમાં યોગદાન આપે છે.

સંસ્થાએ લોકડાઉનના સમયમાં ભાવનગર, દાહોદ, પંચમહાલ, અને મહીસાગર જિલ્લાના લગભગ 2,5૦૦ પરિવારોને આવશ્યક ચીજોની અને અનાજની રાહત પહોંચડવાનું કામ સંસ્થાએ કરી રહી છે. પરંતુ તેણે રાહત માટે સ્થાનિક સ્તરે ઉત્પાદન અને સ્થાનિક સ્તરે વપરાશનું જે મોડેલ ઊભું કર્યું છે તે ઉત્પાદક ખેડૂતો અને ગ્રામીણ ગરીબ વપરાશકારો વચ્ચે એક સ્થાનિક સ્તરનો સેતુ ઊભું કરનારું બને છે

# ગામનું ધાન ગામમાં...

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રૈયાવાન ગામનાં 58 વર્ષીય વાલીબહેન પલાશને તેમના ઘઉં અને મકાઈ ક્યાં વેચવા તેનો સવાલ હતો. તેમની 15 વીઘા જમીનમાં તેમણે પાકની લણણી તો માર્ચ મહિનામાં કરી લીધી હતી. લૉકડાઉનના સમયે આ વિધવા મહિલા ખેડૂતને તેમનો માલ ક્યાં અને કેવી રીતે વેચવો એની ચિંતા સતાવતી હતી. બીજી તરફ, એ જ ગામનાં ત્રણ બાળકોનાં માતા શકુબહેન પલાશ પાસે ખાવા માટે ધાન નહોતું. તેમની પાસે બીપીએલ કાર્ડ છે. તેમની પાસે આવક ઊભી કરવા એક જમીનનો નાનો ટુકડો છે. પણ એ જમીન સંયુક્ત નામે છે. તેઓ પોતે એકલા તેના માલિક નથી. રોજગારી માટે શકુબહેન સૌરાષ્ટ્રમાં સ્થળાંતર કરીને પણ જાય છે. પણ અત્યારે ગામમાં જ ફસાયેલા છે. ખેતરમાં પાકો માલ વેચવા માટે વાલખાં મારતાં અનેક મહિલા ખેડૂતો અને અન્ય ખેડૂતો ગામોમાં જ આ રીતે ફસાયેલા છે અને બીજી બાજુ ખાવા માટે ફાંફાં મારતા ગરીબ લોકો પણ છે.

આ બંને માટે ‘ઉત્થાન’ દ્વારા એક નવો જ રસ્તો અપનાવવામાં આવ્યો. તેના કાર્યકરોએ ગામના જ મહિલા ખેડૂતો પાસેથી અનાજ ખરીધું અને તેનો ઉપયોગ રાહતની કિટ બનાવવા માટે કર્યો. જો તેમની પાસેથી અનાજ ના ખરીધું હોત તો તેમણે પોતાના કે નજીકના ગામના બજારમાં ગમે તે નજીકના વેપારીને કે ખેત ઉત્પન્ન બજાર સમિતિમાં જઈને ગમે તેને બહુ ઓછા ભાવે વેચી અનાજ મારવું પડે એવી અત્યારે સ્થિતિ છે. તેમની પાસે રોકડ રકમ નથી કે બહુ ઓછી છે એટલે પછી તેમણે જે ભાવ મળે એ ભાવે અનાજ વેચી દેવું જ પડે. કારણ કે તેમને પણ અન્ય ચીજો ખરીદવા માટે રોકડ રકમની જરૂર હોય છે. તેમાં તેમને ખોટ પણ જઈ શકે છે, કારણ કે બજારમાં ભાવ મળવા અંગે હંમેશાં અનિશ્ચિતતા હોય છે.

ગુજરાતમાં 18,500થી વધુ ગામો છે અને 13,700થી વધુ ગ્રામ પંચાયતો છે, પણ 2019માં ગુજરાતમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ 224 છે, તેમનાં મુખ્ય યાર્ડ 214 છે અને પેટા યાર્ડ માત્ર 193 છે. નાના ખેડૂતો પાસે પોતાનો માલ દૂર આવેલા આ માર્કેટ યાર્ડમાં વેચવા જવા માટેનાં જરૂરી સાધનો અને સંસાધનો હોતાં જ નથી. તેથી તેમણે તો પોતાનો માલ સ્થાનિક વેપારીને તે જે ભાવ આપે તે ભાવે વેચી દેવો પડે છે. આ સ્થિતિમાં દરેક ગામમાં સ્થાનિક સ્તરે ખરીદી એક મહત્ત્વનો ઉપાય બની રહે છે.

‘ઉત્થાન’નાં પલ્લવી રાજપાલે એમ કહ્યું કે જે અનાજ મહિલા ખેડૂતો પાસેથી સંસ્થા દ્વારા ખરીદવામાં આવ્યું તેની રકમ મહિલા સભ્યના ખાતામાં જમા કરવામાં આવી. વાલીબહેન પલાસે કહ્યું કે તેમણે તેમના ઘઉં રૂ. 19ના કિલોના ભાવે સંસ્થાને વેચ્યા. જો તેમણે તે બજારમાં વેચ્યા હોત તો તેમને રૂ. 20થી રૂ. 22 મળી શક્યા હોત, પણ લૉકડાઉનને લીધે તો તે શક્ય જ નહોતું. અને “જો બજારમાં વેચવા જાઉં તો મને એકાદ કિલોએ પાંચ રૂપિયાનું ખર્ચ તો બજારમાં વાહનમાં ઘઉં લઈ જવાનું થાય. મારા એ પૈસા બચી ગયા.” એટલે વાલીબહેનને એક કિલો ઘઉંએ ત્રણથી પાંચ રૂપિયાનો ફાયદો થયો અને મહેનત તેમ જ સમય બચી ગયાં તે નફાનાં. તેઓ કહે કે, “મારું અનાજ મારા ગામમાં જ લોકોને મળ્યું એ તો કેટલું સારું!”

ભાવનગરના સમર્થન મહિલા સંગઠનના પ્રમુખ અને આકાવાડા ગામનાં ગીતાબહેન બોરીચાએ કહ્યું કે, તેમણે નજીકનાં ગામોનાં વિધવા બહેનો, રોજમદારો અને વિકલાંગ એવા 27 પરિવારોને ઓળખી કાઢ્યા હતા. તેમને અનાજની ખૂબ જ જરૂર હતી. એટલે ગામની મહિલા ખેડૂતો પાસેથી જ અનાજ ખરીદવામાં આવ્યું અને તેલ, મસાલા, ચા અને ખાંડ જેવી ચીજો શહેરની દુકાનોમાંથી ખરીદવામાં આવી અને રાહત માટેની કિટ ગામની જ મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવી. આને પરિણામે મહિલા ખેડૂતોને એમ લાગ્યું કે તેઓ આ લૉકડાઉનના સમયમાં બહાર અનાજ વેચવાની પળોજણમાંથી અને વેપારીઓના સંભવિત શોષણથી બચી ગઈ. મહીસાગર જિલ્લાના મોટા સરાણીયા ગામનાં 40ની વયનાં મકસૂદબહેન મદારી અને બીજી 34 મહિલાઓને જે કિટ મળી તેનાથી તેઓ ખુશ થયાં અને તેમને રમઝાન મહિનામાં તે આશીર્વાદરૂપ બની.

મુદ્દો એ છે કે જે રાહત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે તે માંડ એકાદ-બે સપ્તાહ ચાલે તેટલી જ હોય છે. ગામમાં રાહત સામગ્રીનો પ્રાપ્ય પુરવઠો અને ગામના લોકોની માંગ એ બે વચ્ચે જે ખાઈ સ્થાનિક સ્તરે છે તે સંસ્થાએ આ રીતે ગામના જ પુરવઠા દ્વારા પૂરવાનો પ્રયાસ કર્યો. કોઈ ગામમાં કેટલી રાહતની જરૂર છે અને તેટલો પુરવઠો ગામમાંથી મળી શકે તેમ છે કે નહિ તેના અંદાજો કાઢીને પછી ગામના મહિલા ખેડૂતો પાસેથી જ ઘઉં, મકાઈ અને બાજરી જેવું અનાજ ખરીદવામાં આવ્યું.

આ રીતે ગામોની મહિલા ખેડૂતોને રૂ. 6.12 લાખની કુલ કમાણી થઈ. તેમની પાસેથી લગભગ ૩૦ હજાર કિલોગ્રામ અનાજ ખરીદવામાં આવ્યું અને 1668 કિટમાં તે અનાજ મૂકવામાં આવ્યું. દરેક કિટમાં 10 કિલોગ્રામ ઘઉં અને પાંચથી દસ કિલોગ્રામ બાજરી કે મકાઈ મૂકવામાં આવ્યા. આ રીતે સમય, શક્તિ અને ખર્ચમાં થયેલા બચાવને ધ્યાનમાં લેવામાં આવે તો મહિલા ખેડૂતોને તેમના ખર્ચમાં આશરે 22 ટકાની બચત થઈ અથવા તેટલો ફાયદો થયો. ‘ઉત્થાન’ના આ પ્રકારના કાર્યથી આશરે 150 ખેડૂતોને લાભ થયો છે.

# ગામનું ધાન ગામમાં...

ગુજરાત સરકારે 2020-21ના છેલ્લા બજેટમાં એવી જાહેરાત કરી છે કે તે ખેડૂતોને તેમનાં ખેતરોમાં ઉત્પાદનનો સંગ્રહ કરવા માટે ગોડાઉન બાંધવા માટે રૂ. ૩૦,000 આપશે. અમે આ જાહેરાતને આવકારીએ છીએ પણ સાથે સાથે અમે સરકારને વિનંતી કરીએ છીએ કે જે ગામોમાં મહિલાઓ સરપંચ છે ત્યાં ગ્રામ પંચાયતો પણ ગોડાઉન બનાવવા માટે કામ કરે અને સ્થાનિક સ્તરે જ અનાજનો સંગ્રહ કરે અને પછી તે જ અનાજ રેશનિંગની દુકાનેથી વેચાય તેવી વ્યવસ્થા થાય. સરકાર આ માટે ગ્રામ પંચાયતને ગોડાઉન બનાવવા માટે નાણાકીય સહાય કરે તે ખૂબ જ જરૂરી છે.

સરકારે બજેટમાં જે એક ગોડાઉન માટે રૂ. ૩૦,૦૦૦ આપવાની જોગવાઈ કરી છે તેટલી જ રકમ જો રાજ્યની મહિલા સરપંચ ધરાવતી 6,85૦ ગ્રામ પંચાયતોને આપવામાં આવે તો માત્ર રૂ. 20.55 કરોડ જ ગ્રાન્ટ સ્વરૂપે આપવાના થાય તેમ છે. જે તે ગ્રામ પંચાયતમાં બાકીની ખૂટતી રકમ પણ ગ્રાન્ટ તરીકે આપી શકાય. પણ આટલી રકમથી તો ગામોમાં અન્ન સલામતી ઊભી થશે અને મહિલા સશક્તિકરણ થશે અને સાથે સાથે પંજાબ અને હરિયાણાથી એટલા ઘઉં અને ચોખા મંગાવવાનું ઘટી જશે. વળી, અન્ન સલામતી ધારા-2013માં જણાવવામાં આવ્યું છે કે મકાઈ, બાજરી કે જુવાર જેવું બરછટ અનાજ એક રૂપિયે કિલોગ્રામના ભાવે  રેશનિંગની દુકાનેથી આપવું. પણ તે ગુજરાતમાં ક્યાંય આપવામાં આવતું નથી. જો આ સ્થાનિક સ્તરે ઉત્પાદન અને સ્થાનિક સ્તરે વપરાશનું આ સ્વદેશી મોડેલ અપનાવવામાં આવે તો એ પણ શક્ય બની શકે તેમ છે.

અમને લાગે છે કે જો સરકાર આ રીતે સ્થાનિક સ્તરે જ ખરીદી કરીને અનાજની પ્રાપ્તિ કરે અને સ્થાનિક સ્તરે જ તેનું રેશનિંગની દુકાનેથી વિતરણ કરે તો પણ ખેડૂતોને સારા ભાવ મળે, પરિવહનનું ખર્ચ ઘટી જાય, સમય પણ બચી જાય અને સાથે સાથે પર્યાવરણમાં થતું પ્રદૂષણ પણ ઘટે કારણ કે દૂર દૂર અનાજ વેચવા માટે ખેડૂતોને ના જવું પડે અને વખાના માર્યા વેચવું પણ ના પડે. એને પરિણામે ગામની અન્ન અસલામતી પણ દૂર થશે અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત ટેકો મળશે. આ બજાર લોકો અને લોકો વચ્ચેનું છે, તેમાં ખાનગી વેપારીઓ અને એપીએમસી જેવાં મોટાં મોટાં તંત્રો અને મોટો વહીવટ વચ્ચે આવતાં જ નથી. હા, ગામની જરૂરિયાત કરતાં વધારે ઉત્પાદન થતું હોય તો તે ભલે બહાર વેચાવા જાય. જાહેર વિતરણ વ્યવસ્થામાં તેનાથી મોટા પરિવર્તનની સંભાવના ઊભી થાય છે. આ મોડેલ પર્યાવરણ મિત્ર છે અને ગરીબ મિત્ર પણ છે કે જે ઓછી ખર્ચાળ વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા ઊભી કરે છે.



પ્રો. હેમન્તકુમાર શાહ
પ્રાધ્યાપક, એચ. કે. આર્ટ્સ કોલેજ
અર્થશાસ્ત્રી, લેખક
@SachaiGujaratki



નફિસા બારોટ
સ્થાપક ટ્રસ્ટી - 'ઉત્થાન'

**ખેડૂત વાણી**
**ખેડૂત સમાજ ગુજરાતનું મુખપત્ર**
તંત્રી: આનંદ યાજ્ઞિક
ખેડૂતવાણી પ્રકાશન લિમિટેડ દ્વારા પ્રકાશિત
રજીસ્ટ્રેશન  નં. 2916/76